**"સુજલામ્ સુફલામ જળ અભિયાન વર્ષ ૨૦૨૦"**
**અંતર્ગતના કામો કરવા બાબત.**

ગુજરાત સરકાર
નર્મદા જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ
સચિવાલય, ગાંધીનગર
ઠરાવ ક્રમાંક :- પરચ/૨૦૧૯/૨૧૪૪/એમ.આઈ.સેલ/
તા.૧૭/૦૨/૨૦૨૦
17 FEB 2020

**આમુખ :-**

જળસંચયની કામગીરી અંતર્ગત રાજ્યના સબંધિત વિભાગો દ્વારા વિવિધ કામો હાથ ધરવામા આવે છે. વર્ષ ૨૦૧૮ અને ૨૦૧૯માં ચોમાસા પહેલાં ફેબ્રુઆરી થી મે માસમાં, લોકભાગીદારીથી હાથ ધરવા માટે "સુજલામ્ સુફલામ્ જળ અભિયાન" કરવામાં આવેલ.

"સુજલામ્ સુફલામ્ જળ અભિયાન" હેઠળ મુખ્યત્વે જળસંગ્રહનાં કામો જેવા કે તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનુ ડીસીલ્ટીંગ, હયાત જળાશયોનુ ડીસીલ્ટીંગ, શહેરોમાંથી પસાર થતી નદીઓમાં થતુ પ્રદુષણ અટકાવવાની કામગીરી તેમજ નદીઓના કાંઠાઓ ઉપર વૃક્ષારોપણ કરવુ, નદીના પ્રવાહને અવરોધરુપ ગાંડા બાવળ, ઝાડી-ઝાંખરા દુર કરવા, ટેરેસ/વન તલાવડી, નદીને પુન:જીવિત કરવી, શહેરી/ગ્રામ્ય વિસ્તારમાં પીવાના પાણીની પાઇપ લાઇનોમાં વાલ્વમાંથી થતા પાણીનો બગાડ રોકવો, ડીસેલીનેશનની કામગીરી, પીવાના પાણીનો બગાડ રોકવા માટે જન જાગૃતિ વગેરે કામગીરી કરવાનુ આયોજન થયેલ હતું. વર્ષ ૨૦૧૯માં થયેલ કામો અને સારા વરસાદના લીધે સારો જળસંગ્રહ થયેલ. જેનાથી ભુગર્ભ જળ પણ ઉંચા આવેલ છે. "સુજલામ સુફલામ જળ અભિયાન" અન્વયે કરવાના થતા કામોની કામગીરી માટે રાષ્ટ્રીય કક્ષાએ પણ નોંધ લેવાયેલ અને પ્રશંસા પણ થયેલ છે.

"સુજલામ સુફલામ જળ અભિયાન" અન્વયે કરવાના થતા કામોની કામગીરી માટે MICELL/જળસંગ્રહ/૫૮૯/૨૦૧૮ તા.૨૭/૪/૧૮ના ઠરાવથી કાર્યપધ્ધતી નક્કી કરવામાં આવેલ. જળઅભિયાનના ફળસ્વરૂપ જળસંચયનો વ્યાપ જોતા વર્ષ-૨૦૨૦માં પણ સુજલામ સુફલામ જળઅભિયાન અંતર્ગત દરેક જીલ્લામાં **તા.૦૧ માર્ચ ૨૦૨૦** થી જળસંચયના કામો હાથ ધરવાનું આયોજન છે. જેમાં નીચે મુજબની કાર્ય પધ્ધતિ અનુસરવા ઠરાવવામાં આવે છે.

**ઠરાવ :-**

**(૧)** (અ) રાજ્યના તમામ જિલ્લાઓમાં જળ સંચયના કામો હાથ ધરવાના રહેશે.

(બ) રાજ્ય સરકારના જળ સંપત્તિ વિભાગ, પાણી પુરવઠા વિભાગ, સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ, ગ્રામ વિકાસ વિભાગ, વન અને પર્યાવરણ વિભાગ, શહેરી વિકાસ વિભાગ વગેરે ઉપરાંત અન્ય લગત વિભાગો/ નિગમો દ્વારા આ અભિયાન અંતર્ગત જળ સંચય તથા જળ બચાવને લગત કામો આ પરિપત્રની જોગવાઇઓને અનુરૂપ કાર્યપધ્ધતિ મુજબ હાથ ધરવાના રહેશે.

(૨) જળઅભિયાનની કામગીરીમાં હયાત તળાવો ઊંડા કરવા, હયાત ચેકડેમોનું ડીસીલ્ટીંગ, હયાત જળાશયો/નદીનું ડીસીલ્ટીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, નહેરોની મરામત/જાળવણી/સફાઇ, રેઇન વોટર હાર્વેસ્ટીંગ, ખેત તલાવડી, માટીપાળા, કન્ટુર ટ્રેન્ચ, ગેબીયન, ચેકવોલ, પીવાના પાણીના સ્રોત/ટાંકી/સંપ/ ઇન્ટેક સ્ટ્રક્ચર તથા આસપાસની સફાઇ, WTP/STP તથા આસપાસની સફાઇ, તળાવોના વેસ્ટ વીયરના રીપેરીંગ, નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી–ઝાંખરા દૂર કરવા વગેરે જેવા કામોનો સમાવેશ કરવાનો રહેશે.

(૩) ડીસીલ્ટીંગને લગતી કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, રાજ્ય સરકારના જાહેર સાહસો, એ.પી.એમ.સી, ધાર્મિક સંસ્થાઓના સહયોગથી હાથ ધરવાની રહેશે.

(૪) ટેરેસ/વનતળાવ, તળાવોના વેસ્ટવીયરના રીપેરીંગ, હયાત નુકશાન પામેલ ચેકડેમોના રીપેરીંગ, નહેરોની મરામત/જાળવણી/સફાઇ ની કામગીરી તથા નદી પુન: જીવીત કરવાની કામગીરી સંબંધિત વિભાગો દ્વારા સંબંધિત વિભાગોના પ્રવર્તમાન નિયમોનુસાર અભિયાનના સમયગાળા દરમ્યાન હાથ ધરવાની રહેશે.

(૫) નદીઓના પ્રવાહને અવરોધ રૂપ ગાંડા બાવળ, ઝાડી–ઝાંખરા દુર કરવાની કામગીરી સ્વૈચ્છિક સંસ્થાઓ, ઉદ્યોગ ગૃહો, એપી.એમ.સી., ધાર્મિક સંસ્થાઓના સહયોગથી અથવા સંબંધિત વિભાગ દ્વારા હાથ ધરવાની રહેશે.

(૬) જીલ્લા કક્ષાએ એન.જી.ઓ./સંસ્થાઓની યાદી સંબંધિત જીલ્લાના કલેકટરશ્રીએ તૈયાર કરવાની રહેશે.

(૭) જીલ્લા કક્ષાએ આખરી કરાયેલ સ્વૈચ્છિક સંસ્થાઓ/ધાર્મિક સંસ્થાઓ/ ઉદ્યોગ ગૃહો /રાજ્ય સરકારશ્રીના જાહેર સાહસોને કલેકટરશ્રી દ્વારા કામગીરી સોંપવાની રહેશે.

(૮) સુજલામ્ સુફલામ્ જળ અભિયાન ૨૦૨૦ માટે જળસંપત્તિ વિભાગે તમામ જિલ્લાઓના કલેકટરશ્રી દ્વારા આખર કરેલ કામોના માસ્ટર પ્લાનની વહીવટી મંજુરી મેળવવા અંગેની કાર્યવાહી કરવાની રહેશે.

(અ) તમામ જીલ્લાઓના નોડલ અધિકારીશ્રી અંગેના હુકમ જળસંપત્તિ વિભાગ દ્વારા કરવાના રહેશે તથા અન્ય સંબધીત વિભાગોના જીલ્લા કક્ષાના સબ નોડલ અધિકારી નિમવાની કાર્યવાહી સંબંધિત જીલ્લાના કલેકટરશ્રીએ કરવાની રહેશે.

(બ) સુજલામ સુફલામ જળ અભિયાનના માસ્ટર પ્લાન તથા કામગીરીની રોજે રોજની માહીતી wrd.guj.nic.in/SSJA પર મુકવાની કાર્યવાહી સંબધીત વિભાગના જીલ્લા સબ નોડલ અધિકારી દ્વારા કરવાની રહેશે.

(૯) આ અભિયાન હેઠળ માસ્ટર પ્લાન મુજબ મંજુરી અપાયેલ કામો હાથ ધરવાના રહેશે. આમ છતાં જરૂર જણાયે કલેકટરશ્રીની અધ્યક્ષતા હેઠળની સમિતિ દ્વારા વધારાના કામો અંગે નિર્ણય લઇ શકાશે, જેની જાણ જળસંપત્તિ વિભાગને કરવાની રહેશે.

(૧૦) જિલ્લામાં નક્કી કરાયેલ કામોની કામગીરી સંબંધિત જિલ્લાના કલેકટરશ્રીએ સંબંધિત વિભાગના અધિકારીશ્રીઓના સંકલનમાં હાથ ધરવાની રહેશે. કલેકટરશ્રીના અધ્યક્ષપણા